# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા-૩/૧૯-૨૦/૮૨૭૧–a** **તા.૧૭–૧૨–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૪/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **અનીલાબેન ભીખાલાલ વ્યાસ** ગામ: **જુનાગઢ**
રજૂઆત કરનાર: **અરજદાર અનીલાબેન ભીખાલાલ વ્યાસ અને તેમની સાથે મહેશ રતિલાલ રાવલ હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **જુનાગઢ શહેર**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **યુ. જી. વસાવા અને તેમની સાથે એસ.એ. રેવ. એમ.જી.પરમાર** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **જુનાગઢ શહેર**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૨૬-૧૧-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૬-૧૧-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર અનીલાબેન ભીખાલાલ વ્યાસ ગામ –જુનાગઢ- તેઓની અરજીના નોંધણી નં: ૧૪/ક્વા-૩/૧૯-૨૦ માં જણાવે છે કે- તેઓ વીજજોડાણ ગ્રાહક નં.– ૮૫૦૨૭/૦૪૦૮૩/૦ થી ધરાવે છે. જેનુ માહે જુલાઈ–ઓગષ્ટ–૧૯ નુ વીજબીલ વીજબીલ તા.૨૭–૦૮–૧૯ ના રોજ અપાયેલ – તેમા ફોલ્ટી મુજબ નુ રૂ.૧૪૦૬ નુ આપેલ અને રીવર્સ મીટર હોય – મીટર બદલવાની નોંધ મીટર રીડર દ્રારા કરાયેલ છે. સદર મીટર તા.૧૯–૦૯–૧૯ ના રોજ બદલવામા આવેલ – પરંતુ સદર મકાનમાં અરજદાર રહેતા ન હોય – ફોલ્ટી મુજબનુ આપેલ બીલ રદબાતલ કરવા – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **ગ્રાહક શ્રી અનિલાબેન ભિખાલાલ વ્યાસ ગ્રાહક નં 85027/04083/0 બ્લોક નં F-302 સુરભિ એપાર્ટમેન્ટ ટીંબાવાડી જુનાગઢ ના ઘરવપરાશ ના કનેક્શન માં માહે જુલાઇ-ઓગસ્ટ 2019 નું બિલ મીટર રીડર દ્વારા સ્થળ પર બનાવતા જરૂરી મીટર ફોલ્ટી ધ્યાને આવતા મીટર રીડર દ્વારા 210 યુનિટ નું એવરેજ બિલ તા 17.09.2019 ના રોજ ગ્રાહક ને આપવામાં આવેલ હતું જે ગ્રાહક શ્રી દ્વારા વાંધા સાથે રૂ 1405.51/- ભરપાઈ કરી વાંધા અરજી આપેલ - જે ધ્યાને લેતા તા 20.09.2019 ના રોજ પેટા વિભાગીય કચેરી દ્વારા ફોલ્ટી મીટર નં 01632932 ઉતારી લીધેલ હતું અને નવું મીટર નં 02482986 લગાડી આપેલ હતું.**

3.૧ **સદર મીટર નું લેબ પરીક્ષણ તા 25.09.19 ના થતાં મીટર ડિફેકટીવ જાહેર થયેલ જેમાં MRI રિપોર્ટ મુજબ છેલ્લા રીડિંગ 19 નોંધવામાં આવેલ હતા.**

3.૨ **તા 20.09.2019 ના રોજ મીટર ચેન્જ થતાં માહે સપ્ટેમ્બર-ઓક્ટોબર 2019 ના બિલ માં જુના મીટર ના રીડિંગ તથા નવા મીટર ના રીડિંગ ધ્યાને રાખતા 0 વીજ વપરાશ નું આવેલ હોય ગ્રાહક ને જે એવરેજ બિલ 210 યુનિટ નું આપેલ તે સામે જરૂરી એડજેસ્ટમેન્ટ પેટે તા 17.09.2019 થી મીટર ચેન્જ તારીખ 20.09.2019 સુધી ના 3 દિવસ ના ફોલ્ટી હેઠળ વપરાયેલ 11 યુનિટ ને ધ્યાન માં લઈ ટોટલ ફોલ્ટી એવરેજ 210-11=199 યુનિટ ના રૂ.1242.98 ગ્રાહક ખાતે નવેમ્બર 2019 માં જમા આપેલ છે.**

3.3 **માહે જુલાઈ-ઓગસ્ટ 2019 ના ફોલ્ટી ના બિલ બાબતે ગ્રાહક દ્વારા તા 01.10.2019 થયેલ અરજી ના અનુસંધાને તથા સદર વિવાદાગ્રસ્ત મીટર ના લેબ પરીક્ષણ રિપોર્ટ ને ધ્યાન માં લેતા માહે જુલાઈ-ઓગસ્ટ 2019 માં GERC NOTIFICATION 4-2015 CLOUSE 6.58 ને ધ્યાન માં રાખી ગ્રાહક ને પાછલા 3 બિલ ના વપરાશની એવરેજ કાઢી 210 યુનિટ નું ફોલ્ટી સ્ટેટસ નું એવરેજ બિલ આપેલ હતું.**

૩.૪ ફોરમ કમિટી મીટીગ તા.૨૬–૧૧–૧૯ ના રોજ ફરીયાદી અરજદાર દ્વારા – સદર વિવાદીત મીટર વાળી જગ્યામા રહેતા ન હોય – તેમજ ખાલી કરેલ હોય– તેના આધાર–પુરાવા રજુ કરેલ. જે અન્વયે સ્થળ તપાસ કર્યા બાદ – માહે જુલાઈ–ઓગષ્ટ– ૧૯ માં ૨૧૦ યુનીટ નુ બીલ યથાવત રાખેલ છે. જયારે માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૯ ના સરેરાશ બીલ ગ્રાહક ના ખાતાનં.–૮૫૨૦૭/૦૪૦૮૩/૦ માં ૨૧૦ યુનીટ ની રકમ જમા આપેલ છે. જે અનુસંધાને – અરજદારની ફરીયાદનુ સમાધાન થતા – અરજદારે તા.૦૯–૧૨–૧૯ નાં લેખીત સમાધાનપત્રમાં – તેઓને સદર બાબતે કોઈ ફરીયાદ રહેતી ન હોય – તે મુજબ સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ થી ૩.૪ અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા.૦૯–૧૨–૧૯ થી રજુ કરાયેલ છે. **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું નથી.**

૪.૨ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |